# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-06-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

# RATHYATRA SARASPUR

અમદાવાદના પરંપરાગત  માર્ગો પર જય જગન્નાથના જયઘોષ સાથે ભગવાન જગન્નાથની 148મી રથયાત્રા ભ્રમણ કરી રહી છે. બપોરે બે વાગ્યાના ટકોરે ભગવાન જગન્નાથ, બહેન સુભદ્રા અને ભાઇ બલભદ્રના રથ મોસાળ સરસપુર પહોંચ્યા હતા. ભગવાન જગન્નાથને ઉત્સાહ અને આદરપૂર્વક આવકારીને મોસાળમાં તેમનુ સામૈયું કરાયું. સરસપુરમાં રણછોડરાય મંદિરમાં તેમનું સામૈયુ કરીને આરતી ઉતારીને તેમનું પરંપરાગત મોસાળું કરાયું હતું.

ભજનમંડળીઓ અને વૈવિધ્યસભર ફ્લોટના નિદર્શન સાથે રથયાત્રા સરસપુર પહોંચ્યા બાદ, હવે સરસપુરમાં ભગવાન મામાને મળીને થોડી વાર માટે આરામ કરીને નિજ મંદિર પરત પહોંચાવા પ્રયાણ કરશે.

. . . . . . . . . . . . .

# RATHYATRA

રથયાત્રા સરસપુર પહોંચીએ અગાઉ આજે પરંપરાગત રીતે ભગવાન જગન્નાથજીની 148-મી રથયાત્રા શરૂ થઈ હતી. વહેલી સવારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જમાલપુર જગન્નાથ મંદિરમાં મંગળા આરતીમાં ભાગ લીધો. તેમની સાથે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી , સહકાર રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્મા પણ ઉપસ્થિત રહ્યાં.

સવારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મંદિરમાં સોનાની સાવરણીથી માર્ગની સફાઈ એટલે કે , પહિંદ વિધિ કરીને મુખ્યમંત્રીએ ભગવાનનો રથ ખેંચીને રથયાત્રાનું પ્રસ્થાન કરાવ્યું. દરમિયાન શ્રી પટેલે રથયાત્રા કોમી એખલાસનું પ્રતિક બની હોવાનું જણાવ્યું. ઉપરાંત તેમણે સૌ કચ્છી -માડુઓને નવા વર્ષની શુભેચ્છાઓ પણ પાઠવી.

(બાઈટઃ ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

. . . . . . . . . . . . .

# RATHYATRA OVERALL-1

અમદાવાદના જમાલપુર જગન્નાથ મંદિરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે સવારે પહિંદ વિધિ કર્યા બાદ રથયાત્રાનો વિધિવત્ પ્રારંભ કરાવ્યો. વરસાદના અમી છાંટણાથી આજે રથયાત્રાનો પ્રારંભ થયો. આ પહેલા ભગવાન જગન્નાથજીને નંદીઘોષ, ભાઈ બળભદ્રજીને તાલધ્વજ અને બહેન સુભદ્રાજીને દેવદલન રથમાં બિરાજમાન કરાવાયા. ત્યારબાદ ગુજરાત પોલીસ દ્વારા ભગવાનને ગાર્ડ ઑફ ઑનર અપાયું. સાંભળીએ અમદાવાદના પ્રતિનિધિનો અહેવાલ.

(વૉઈસકાસ્ટ - આશિષ પંચાલ, પીટીસી, અમદાવાદ)

અમદાવાદ સહિત અન્ય શહેરોમાં પણ રથયાત્રા યોજાઈ છે. ભાવનગરમાં આજે સવારે આઠ વાગ્યે ભગવાન જગન્નાથજીની 40મી રથયાત્રાનું પ્રસ્થાન થયું. અમદાવાદ પછી રાજ્યની બીજા ક્રમાંકની ગણાતી રથયાત્રાના કારણે ભાવનગર આજે કેસરિયા માહોલમાં ભગવાન જગન્નાથજીની રંગે રંગાયું છે.

બોટાદમાં આજે અષાઢી બીજ નિમિત્તે શ્રી કષ્ટભંજનદેવને રથયાત્રાના દિવ્ય શણગાર અને 300 કિલો જાંબુ, 200 કિલો મગ અને ચણાનો અન્નકૂટ ધરાવાયો.

મહેસાણાના વિવિધ તાલુકામાં પણ આજે રથયાત્રા યોજાઈ. મહેસાણા નજીક આવેલા ઇસ્કૉન મંદિરના ઉપક્રમે બપોરે અવસર પાર્ટી પ્લેટથી નીકળી શહેરના વિવિધ જાહેર માર્ગ પર નીકળશે.

# RATHYATRA OVERALL-2

સાબરકાંઠામાં પણ આજે ઈડર , ખેડબ્રહ્મા, ગઢડા શામળાજી અને હિમ્મતનગરમાં રથયાત્રા યોજાઈ રહી છે.

અરવલ્લીમાં મોડાસા બાલકદાસજી મંદિરેથી રથયાત્રાનો પ્રારંભ થયો. ભગવાન શામળિયાને ચાંદીના રથમાં બિરાજમાન કરાવાયા છે.

આણંદમાં આજે પેટલાદ , આણંદ-વિદ્યાનગર સહિતના સ્થળોએ રથયાત્રાનું આયોજન કરાયું છે.

પાટણમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રા પહેલા ભગવાનની ત્રણેય મૂર્તિઓને જય રણછોડના નાદ સાથે બપોરે 12 ને 39 કલાકે શુભ મુહૂર્તે મંદિરમાંથી બહાર લાવી ત્રણેય રથમાં સ્થાપિત કરવામાં આવી.

. . . . . . . . . . . . .

# SHALA PRAVESHOTSAV

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ગાંધીનગરની પુન્દ્રાસણ પ્રાથમિક શાળામાં કુલ 197 ભૂલકાઓને શૈક્ષણિક કીટ આપીને શાળામાં પ્રવેશ કરાવ્યો. તેમણે શાળાની આંગણવાડીમાં 53 , બાલવાટિકામાં 54 , પહેલા ધોરણમાં 48 બાળકોને શાળામાં આવકાર્યા. તેમણે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારાં શાળાના નવ વિદ્યાર્થીઓને સન્માનિત કર્યા.

ડાંગ જિલ્લાના મુખ્યમથક આહવા ખાતે આવેલી દિપદર્શન પ્રાથમિક , માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના બાળકોને આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના અગ્રસચિવ ધનંજય દ્વિવેદીએ કુલ 352 વિદ્યાર્થીનો શૈક્ષણિક કીટ આપીને 'શાળા પ્રવેશોત્સવ' કરાવ્યો.

. . . . . . . . . . . . .

# સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)